# ચાણસ્મા-મોઢેરા માર્ગ પર રીક્ષા-કાર વચ્ચે અકસ્માત : ૬ના કરૂણ મોત

## ૩ અતિ ગંભીર : અકસ્માતવાળી ગાડીમાંથી ત્રણ બોટલ દારૂ મળી આવ્યો

મહેસાણા, તા. ૨૧

પાટણ જિલ્લામાં ચાણસ્મા - મોઢેરા વચ્ચે ધોરીમાર્ગ પર સી.એન.જી. રીક્ષા અને કાર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાતાં છ વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યાં હતાં. જ્યારે ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જેમાં એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળેલ છે. અકસ્માતવાળી મોટરકારમાંથી દારૂની ત્રણ બાટલીઓ મળી આવી હતી.

અત્રે જાણવા મળ્યા મુજબ અમદાવાદ જિલ્લાના ગૂંજાળા ગામના ક્ષત્રિય દરબાર જ્ઞાતિના આઠ જેટલા માણસો લગ્નપ્રસંગમાં ચાણસ્મા તાલુકાના રામપુરા ગામે સી.એન.જી. રીક્ષામાં જઈ રહ્યા હતા ત્યારે માર્ગમાં મોઢેરા - ચાણસ્મા વચ્ચે વડાવલી ગામ પાસે રીક્ષા અને મોટરકાર ધડાકાભેર અથડાતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બે બાળકો અને ચાર પુરુષો મળી કુલ છ વ્યક્તિઓના કરૂણ મોત નીપજ્યા હતા. જ્યારે ત્રણ વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ થઈ હતી જે પૈકી એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળેલ છે.

ઈજાગ્રસ્તોને સારવાર માટે મહેસાણા હોસ્પિટલમાં ખસેડાયા હતા. સવારના સમયે વડાવલી પાસે ગોઝારો અકસ્માત થયો હોવાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં વડાવલી સહિત આસપાસના ગામડાના લોકો ઘટના સ્થળે એકઠાં થઈ ગયા હતા. આ અકસ્માતમાં રીક્ષા પરિવારના છ વ્યક્તિઓના કરૂણ મોત નિપજતાં તેઓના પરિવારજનોમાં તેમજ અકસ્માત સ્થળે એકઠાં થયેલા લોકોમાં ઘેરા શોકની લાગણી ફેલાઈ હતી. અકસ્માતવાળી કારમાંથી દારૂની ત્રણ બાટલીઓ મળી આવી હતી. જેને પોલીસે કબજે કરી હતી.

ગોઝારા અકસ્માતમાં ઝાલા દિનેશજી ચમનસંગ (ઉ.વ.૩૦), ઝાલા માધુભા દિનુભા (ઉ.૨૪), ઝાલા રણજિતસિંહ ઉર્ફે ભયલુભા ગોવિંદજી (ઉ.૨૨) ત્રણેય રહે. ગુંજાલા, ઝાલા જીતુભા કુંવરસંગ (ઉ.૨૫) રહે. બરીયફ, ઝાલા કુલદીપ રમેશજી (ઉ.૬), રહે. ગુંજાલા અને કૃષ્ણપાલ જાડેજા (ઉ.૫) રહે. જામનગરના કરૂણ મોત નિપજ્યા હતા.

આ બનાવ અંગે ચાણસ્મા પોલીસે મોટરકારના ચાલક વિરુદ્ધ અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

## હિંમતનગરની મદ્રેસા હાઈસ્કુલનું પરિણામ ૧૦૦ ટકા

હિંમતનગર, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાની હિંમતનગર ખાતે આવેલી મદ્રેસા હાઈસ્કુલનું ધોરણ-૧૨ સાયન્સનું પરિણામ ૧૦૦ ટકા આવેલ છે. આ શાળાના કુલ ૧૧ વિદ્યાર્થીઓ ૯૦ કરતા વધારે પર્સન્ટાઈલ સાથે ઉત્તીર્ણ થઈ શાળાનું ગૌરવ વધાર્યું છે.

મદ્રેસા હાઈસ્કુલમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં હરાદવાલા મોહમંદહસિમ વારિસહૈસત ૯૪.૮૫ પર્સન્ટાઈલ સાથે પ્રથમ ક્રમે આવેલા છે. પુનાસિયા મોહમંદઆદિલ મોહમંદઉસ્માન ૯૩.૨૦ પર્સન્ટાઈલ સાથે દ્વિતીય ક્રમે આવેલ છે તથા વાસિવાલા મોહમંદમુંતજીર અબ્દુલરોફ ૯૩.૮૯ સાથે તૃત્તીય ક્રમે આવેલ છે. ત્યારબાદ મુકાદીવાલા મોહમંદમાદની ગુલાબમોહયુદ્દીન ૯૩.૩૮ પર્સેન્ટાઈલ મેળવેલ છે. દંતોરેલીયા સાહિલભાઈ મેહબુબભાઈને ૯૧.૭૦ પર્સેન્ટાઈલ મળેલ છે. મનસુરી અકીલ યુનુસભાઈ ૯૧.૩૫ પર્સન્ટાઈલ, પંચભૈયા મોહમદોશ મોહંમદયુનુસે ૯૧.૧૮ પર્સન્ટાઈલ, ચૌહાણ વનરાજસિંહ યશવંતસિંહે ૯૧.૬૬ પર્સેન્ટાઈલ, અબુનજી મોહમંદનદીમ મોહંમદ અમીન ૮૯.૩૬ પર્સેન્ટાઈલ સાથે, ઈડરીયા હુજેસબાનુ અબ્દુલમન્દિ ૮૯.૭૩ પર્સન્ટાઈલ તથા વાસિવાલા અફકઅહેમદ મોહમંદસાલિમ ૮૯.૭૩ પર્સન્ટાઈલ સાથે ઉત્તીર્ણ થયા છે.

આ તમામ વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રમુખ જી. એ. હરસોલીયા, મંત્રી અલ્તાફહુસેન સાબુગર તથા આચાર્યશ્રી ઝહુરઅહેમદ મુતવલ્લી અભિનંદન પાઠવ્યા હતા.



## પાલનપુરના સીટી સર્વેયર લાંચના છટકામાં ઝડપાતાં ચકચાર

બનાસકાંઠાના મુખ્ય મથક પાલનપુર સ્થિત સિટી સર્વેયર કચેરીના સીટી સર્વેય રૂા. ૨૦ હજારની લાંચ લેતાં એસીબીના છટકમાં આબાદ ઝડપાઈ જતાં ચકચાર મચી જવા પામી છે. પાલનપુર પાસેના વેડચા ગામના ઈકબુલ રહેમાન આદમ માગલીયા જમીન માપણી કરી નકશા મંજૂર કરવા સીટી સર્વેયર નીતીનચંદ્ર ભીખાલાલા પટેલે રૂા. ૨૫ હજારની માંગણી કરી હતી. જો કે બેઠક બાદ વીસ હજાર નક્કી થયેલ. જે કલેકટર કચેરી પાસેના એટીએમ માંથી રોકડા ઉપાડી એલસીબી અધિકારી તથા સ્ટાફની હાજરીમાં સીટી સર્વેયર વીસહજાર લેતાં રંગેહાથ ઝડપાઈ જવા પામ્યા હતા. એલસીબીએ આ અંગે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## પાલનપુરમાં કાર્બાઈડથી કાચી કેરી પકવતા લોકોને પકડવા સરકારી તંત્ર પાસે સમય નથી

પાલનપુર, તા. ૨૧

હાલમાં ઉનાળો જાણે સોળે કળાએ ખીલ્યો હોય એમ સવારે ૯ થી સાંજના ૭ સુધી આકાશમાંથી અગનગોળા વરસાવી રહ્યા છે ત્યારે ગરમીમાં કુદરતના અમૃત ફળ સમાન કેરીને ફળોના રાજા કહેવાય છે ત્યારે ઝડપથી કમાવવાના ભાગરૂપે વેપારીઓ જે કેરી મંગાવાય છે તે કાચી કેરીઓને દરરોજની ટ્રકોને ટૂકાવવામાં બતાવવામાં આવી રહ્યું છે. તે કેરીઓને પકવવા વેપારીઓ દ્વારા કેરીને કાર્બાઈડનો ઉપયોગ કરતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી તેને પગલે સરકારી તંત્રે અગાઉ દરોડા પાડી સબ સલામતની રોરો મારી સંતોષ માનેલ છે. ત્યારબાદ અનેક ફરીયાદો બાદ ઉનાળાના બે માસ વિત્યા બાદ હવે પાલનપુર ખાતેની ફુડ એન્ડ ડ્રગ કચેરીના જ ઈન્સ્પેક્ટરો હર્ષા પટેલ, જી. બી. રાઠોડ અને જે. જે. પ્રજાપતિની ટીમે શહેરના જુદા જુદા સ્થળોમાં આવેલ કેરીના વેપારીઓની વખારોમાં જઈ દરોડા પાડવામાં આવ્યા હતા. નગરપાલિકાના સ્ટાફને સાથે રાખી કાર્બાઈડથી પકવાતી કેરીઓ વેચતા વેપારીઓને ત્યાં તંત્ર ત્રાટક્યું હતું. જે જગ્યાએ દરોડા પાડવામાં આવ્યા ત્યાંથી ૨૪૦ કિ.ગ્રા. કાર્બાઈડથી પકવેલી અને ૫૩ કિલો અખાદ્ય કેરીના જથ્થાનો નાશ કરાયો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શહેરમાં અનેક જગ્યાએ કેરીના વેપારીઓના ગોડાઉનો આવેલા છે. આ દરોડા અનેક ફરિયાદો બાદ પડાયા છે તો કેટલાક લોકો આ દરોડા માત્ર એક જ મારવાડી અથવા અમૂક લોકોને ત્યાં જ આ દરોડા પડતા બીજી ઘણી બધી જગ્યાઓ ઉપરથી અધિકારીઓને વ્યાપક પ્રમાણમાં હપ્તા પહોંચતા હોવાની લોકમાંગણી ઉઠવા પામી છે.

## અર્ધાંગીનીએ સાચા અર્થમાં અંગ આપ્યું

પ્રાંતિજ, તા. ૨૧

સાબરકાંઠા જિલ્લાના એક ગામના ખેડૂતને બિમારીમાં બન્ને કિડનીઓ ફેઇલ જતાં તેની જ પત્નીએ કિડનીનું દાન આપી હરાહર કળયુગમાં દાખલારૂપ ઉદાહરણ પુરું પાડ્યું છે.

સતયુગમાં પતિ-પત્નીએ સિક્કાની બે બાજુ ગણીને સુખ-દુઃખમાં સહભાગી બનવાં પણ સમય જતો કરી કાળમાં સાસરીયામાં સુખ પછી કોઇ કારણસર મુસીબતો આવે તો પત્નીઓ લમણે હાથ દઇ નસીબને દોષ દેતી કે અન્ય કોઇ પગલું ભરતી પણ હાલ માનવતા અને પોતાના સુહાગને સદાય ખીલેલો રાખી હસતા રાખવાવાળી પત્નીઓ સમાજમાં ઉત્તમ દાખલારૂપ છે.

પ્રાંતિજ તાલુકાના દલપુર ગામના એક બાવન વર્ષના આધેડની. જીવનમાં સેવા અને પોતે હસતા રહી બીજાને હસાવવા કરશનભાઈ લાલાભાઈ પટેલને બે વર્ષ પહેલાં હૃદયની તકલીફ થતાં બાયપાસ બાદ દવાઓથી જીવન જીવતા હતા. જણાવ્યા પ્રમાણે કેટલીક દવાઓની આડ અસરથી થોડાક જ સમયમાં તેમની બન્ને કિડની ફેઇલ બની જતાં કરશનભાઈ પટેલ ભારે બિમારીમાં પટકાયા.

અમદાવાદના તબીબોની સલાહ લીધા બાદ સાલ્વી હોસ્પિટલમાં કિડની આરોહણ કરવાની સલાહ અપાતાં જ કરશનભાઈની પત્ની રંજનબેન કે. પટેલ (ઉ.૫૨)નાએ પોતાના પતિ માટે પોતાની કિડનીનું દાન આપવાની તત્પરતા બતાવતાં જ ગામડા ગામમાં રોકકડાટ થઇ ગઇ પણ હિંમતવાન રંજબેન પટેલે જે થાય તે પણ પોતાના પતિને સાજાં કરી દેવા પોતાની કિડનીનું દાન કરવાનું જાહેર કરતાં જ સાલ્વી હોસ્પિટલના ડો. સિદ્ધાર્થ માવાણીએ કિડની આરોહણ શસ્ત્રક્રિયા કરતાં બે માણસો હાલ હસી ખુશીથી જીવી રહ્યા છે. અને ચારેક દિવસ અગાઉ રજા લઇ દલપુરથી હિંમતનગરકચ્છી સોસાયટીમાં બન્ને પતિ-પત્ની તેમજ પરિવાર સાથે જીવી રહ્યા છે. સ્ત્રીની હિંમત તથા પતિ પ્રત્યેની લાગણીનું ઉત્તમ ઉદાહરણ લઇ સ્ત્રી-પુરુષ મુશ્કેલીમાં કેમ જીવવું તેનું ઉત્તમ ઉદાહરણ નાનકડા દલપુર ગામમાં બન્યું છે.

## તુરી બારોટ કલાકારોને જૂના નાટકો કરવા આર્થિક સહાય અપાશે

મહેસાણા, તા. ૨૧

રાજય સરકાર દ્વારા તુરી બારોટ કલાકારોની સંસ્થા મંડળીને જૂના નાટકો કરવા માટે આર્થિક સહાય આપવા યોજના અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાનો લાભ લેવા માટે તુરી બારોટ કલાકારોની ઓછામાં ઓછી પાંચ વર્ષથી કાર્યરત સંસ્થા મંડળીને જૂના નાટકો કરવા માટે રૂપિયા ૨૫ હજારની આર્થિક સહાય તથા વધુમાં વધુ ૫ શૉ માટે શૉ દીઠ રૂપિયા ૧૫ હજાર મળી કુલ ૧ લાખની સહાય આપવામાં આવશે. નાટકમાં કામ કરતા કલાકારો તુરી બારોટ સમાજના હોવા જરૂરી છે. નાટક જૂના વેશ અને પરંપરાગત હોવા આવશ્યક છે. આ યોજનામાં રસ ધરાવતી સંસ્થા મંડળીઓએ ૧૦ જૂન સુધીમાં અરજી ફોર્મ મેળવી લેવાના રહેશે. અને આ ફોર્મ ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી બ્લોક નં. ૯-૧ ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૬૯૩ને ૨- જૂન સુધી મોકલી આપવાનાં રહેશે. તેમ ડૉ. પ્રદીપ આઝાદ સચિવશ્રી ગુજરાત રાજય સંગીત નાટક અકાદમીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

## બાળકના શારીરિક સૌષ્ઠવ માનસિક વિકાસ માટે યોગ્ય પૂરક આહાર જરૂરી

મહેસાણા, તા. ૨૧

બાળકને જન્મ આપવો એ દરેક માતાના જીવનની સુખદ પળ હોય છે. કદાચ એટલા માટે જ કોઈએ આ સ્થિતિને સ્ત્રીમાં થતાં ઊંડા આધ્યાત્મિક સંચારનું ઉપનામ આપ્યું છે. પ્રથમ દિવસથી જ માતા અને બાળક એક બીજા પ્રત્યે અતૂટ બંધનનો અનુભવ કરતા હોય છે. જે લાગણી આગળ જતાં સ્તનપાન દ્વારા વધુ દૃઢ બને છે. બાળરોગ નિષ્ણાંત અને ન્યુનેટોલોજીસ્ટ ડૉ. શિરીષ પરીખનું કહેવું છે કે, છ માસની ઉંમર બાદ બાળક માટે માત્ર માતાનું દૂધ પૂરતું નથી. બાળકોના ઝડપી વિકાસ અને વૃદ્ધિ માટે માતાના દૂધની સાથે વધારાના પૂરક આહારો આપવા આવશ્યક છે. પૂરક આહારો એપરહિત અને પાચનમાં સરળ હોવા જરૂરી છે. આમાં પૂરતા પ્રમાણમાં પ્રોટીન, કાર્બાહાઈડેટ્રસ ચરબી તથા ખનિજ તત્ત્વો હોવા જોઈએ. આમ બે વર્ષથી નાના બાળકોને યોગ્ય પોષક આહારની બાબતે માતાઓને માધ્યમોની મદદથી શિક્ષણ આપવાની જરૂરિયાત ઉભી થિ છે.

ચેન્નાઈની સૂર્યા હોસ્પિટલના બાળરોગ વિભાગના ડીરેક્ટર ડૉ. વી. વી. વરદરાજની કહે છે કે બાળકને દરરોજ યોગ્ય માત્રામાં કેલરી, પ્રોટીન, વિટામીન અને મિનરલ્સની જરૂર પડે છે. માતા પિતાને આ વિશે સમજાવવા માટે એક તબીબની ભૂમિકા ઘણી નિર્ણાયક બની જાય છે. તેમણે કહ્યું કે, બાળકને પૂરક આહાર આપવાની શરૂઆત પોચા ખોરાકથી કરવી જોઈએ અને ત્યારબાદ ધીમે ધીમે ખોરાકની ઘનતામાં વધારો કરવો જોઈએ. ખોરાકની ઘનતામાં દર અઠવાડિયે વધારો કરવો જરૂરી છે.

બાળકના જન્મથી બે વર્ષ સુધીનો સમય તેની વૃદ્ધિ, તંદુરસ્તી અને વિકાસ માટે ખૂબ કટોકટીભર્યો માનવામાં આવે છે જેથી છ માસની વયે બાળકને સમયસર સુરક્ષિત પૂરતી માત્રામાં અને યોગ્ય પૂરક આહાર આપવો જરૂરી બને છે.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

### તલોદ

| | | |
|---|---|---|
| મકાઈ | ૨૪૦ | ૨૫૭ |
| રાયડો | ૫૪૦ | ૫૭૦ |
| એરંડા | ૬૫૫ | ૬૬૭ |
| ઘઉં | ૨૮૫ | ૩૯૭ |
| બાજરી | ૨૬૦ | ૨૯૯ |
| ગવાર | ૧૪૮૪ | ૧૮૦૮ |

### ધનસુરા

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૫ | ૬૫૮ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૫ |
| ઘઉં | ૩૦૭ | ૩૭૦ |
| બાજરી | ૨૫૦ | ૨૬૫ |
| વરીયાળઈ | ૧૦૦૦ | ૧૪૧૦ |

### ખેડબ્રહ્મા

| | | |
|---|---|---|
| ઘઉં લોકવન | ૨૯૫ | ૩૧૧ |
| ઘઉં ૪૯૬ | ૩૧૫ | ૩૫૬ |
| મકાઈ | ૨૪૦ | ૨૪૩ |
| એરંડા | ૬૪૫ | ૬૫૬ |
| મગ | ૧૦૫૦ | ૧૦૭૬ |

### મોડાસા

| | | |
|---|---|---|
| રાયડો | ૫૫૦ | ૬૨૦ |
| એરંડા | ૬૫૫ | ૬૬૬ |
| બાજરી | ૨૭૦ | ૨૯૭ |
| મકાઈ | ૨૩૦ | ૨૬૦ |
| ઘઉં | ૨૯૫ | ૩૮૩ |
| ગવાર | ૧૩૦૦ | ૧૭૯૦ |
| ચણા | ૬૩૦ | ૮૧૪ |

### ટીંટોઈ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૪૦ | ૬૪૫ |
| ઘઉં | ૨૯૦ | ૩૧૫ |
| ગવાર | ૧૬૦૦ | ૧૭૮૧ |

### દહેગામ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૯૦ | ૩૦૧ |
| ઘઉં | ૩૧૫ | ૩૪૨ |
| ડાંગર | ૨૮૫ | ૨૯૦ |
| એરંડા | ૬૪૫ | ૬૬૪ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૫૩ |
| મકાઈ | ૨૨૫ | ૩૦૦ |
| તુવેર | ૫૩૦ | ૬૬૫ |
| જુવાર | ૨૮૦ | ૩૩૦ |
| રાયડો | ૫૩૦ | ૬૬૫ |

### રખિયાલ

| | | |
|---|---|---|
| બાજરી | ૨૮૮ | ૩૦૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| ડાંગર | ૨૮૦ | ૨૮૫ |
| એરંડા | ૬૪૨ | ૬૬૦ |
| ગવાર | ૧૬૭૫ | ૧૭૫૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૫૦ |
| જુવાર | ૨૭૦ | ૩૧૦ |
| રાયડો | ૫૧૫ | ૫૬૦ |

### હિંમતનગર

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૭ | ૬૫૯ |
| મગ | ૯૦૦ | ૯૫૦ |
| ઘઉં | ૩૦૫ | ૪૨૮ |
| બાજરી | ૨૭૦ | ૨૮૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૫ |
| ચણા | ૬૧૦ | ૬૬૫ |
| તુવેર | ૭૮૦ | ૮૨૫ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૬૦ |
| ડાંગર ગુજ | ૩૦૦ | ૩૭૦ |

### ઇડર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૪૦૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૫૦ |
| એરંડા | ૬૫૨ | ૬૬૨ |
| બાજરી | ૨૫૨ | ૨૯૨ |
| રાયડો | ૫૨૫ | ૫૬૦ |
| મગફળી | ૭૮૦ | ૮૧૬ |
| તલ | ૧૮૬૦ | ૧૯૭૦ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૪૩ |
| તુવેર | ૬૦૦ | ૬૫૦ |
| સોયાબીન | ૬૬૦ | ૬૮૦ |
| અડદ | ૫૫૦ | ૬૦૫ |
| ચણા | ૬૩૦ | ૬૭૦ |
| જુવાર | ૩૫૮ | ૪૨૨ |

### કડી

| | | |
|---|---|---|
| સવા | ૫૮૧ | ૬૪૦ |
| ઈસબગુલ | ૯૦૦ | - |
| ઘઉં | ૩૦૧ | ૪૧૨ |
| ડાંગર | ૩૨૧ | ૩૭૫ |
| બાજરી | ૨૫૯ | ૩૦૨ |
| જવ | ૨૪૨ | ૨૪૯ |
| મગ | ૮૮૦ | - |
| ગવાર | ૧૭૫૭ | ૧૮૦૫ |
| એરંડા | ૬૫૨ | ૬૬૦ |
| રાયડો | ૫૬૨ | ૫૭૦ |
| વરીયાળી | ૭૨૯ | - |
| ૧૦૫૬ | | |

### સિદ્ધપુર

| | | |
|---|---|---|
| રાજગરો | ૬૫૧ | ૮૮૨ |
| વરીયાળી | ૯૦૦ | - |
| જવ | ૨૪૦ | - |
| રાયડો | ૫૭૫ | ૬૯૪ |
| એરંડા | ૬૪૨ | ૬૭૬ |
| ગવાર | ૧૭૧૫ | ૧૭૭૮ |
| ઘઉં | ૨૮૨ | ૪૧૧ |
| બાજરી | ૨૮૦ | ૩૩૩ |
| જુવાર | ૪૫૦ | ૫૨૧ |
| જીરૂ | ૧૨૦૪ | ૨૨૩૨ |
| ઈસબગુલ | ૧૩૪૭ | - |

### વિસનગર

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૪૧૪.૫૦ |
| બાજરી | ૨૩૦ | ૩૩૪ |
| રાયડો | ૫૮૦ | ૬૭૬ |
| એરંડા | ૬૫૦ | ૬૭૩ |
| કપાસ | ૪૦૦ | ૯૭૨ |
| જુવાર | ૩૫૦ | ૪૬૨ |
| તલ | ૧૭૭૫ | - |
| મેથી | ૫૦૦ | ૫૪૮ |
| ગવાર | ૧૭૩૦ | ૧૭૭૭ |
| રાજગરો | ૬૬૫ | ૬૯૧ |
| અસાળીયો | ૬૫૧ | ૭૦૦ |

### મહેસાણા

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૫ | ૪૧૫ |
| જીરૂ | ૨૧૮૬ | ૨૩૫૦ |
| રાયડો | ૫૨૮ | ૬૭૦ |
| મેથી | ૫૧૬ | ૫૩૫ |
| સવા | ૬૪૨ | - |
| વરીયાળી | ૯૮૧ | - |
| બાજરી | ૨૭૦ | ૩૨૦ |
| એરંડા | ૬૫૦ | ૬૬૩ |
| અજમો | ૬૫૫ | ૧૩૪૧ |
| ગવાર | ૧૭૪૫ | ૧૭૬૦ |

### અંબાલીયાસણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૮ | ૩૫૦ |
| બાજરી | ૨૬૫ | ૨૯૯ |
| રાયડો | ૬૦૬ | ૬૧૨ |
| એરંડા | ૬૫૬ | ૬૫૯ |
| ગવાર | ૧૭૬૪ | ૧૭૭૫ |

### જોટાણ

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૭૩ | - |
| એરંડા | ૬૪૨ | ૬૬૩ |
| ગવાર | ૧૭૦૦ | - |

### હારીજ

| | | |
|---|---|---|
| ઈસબગુલ | ૯૦૦ | ૧૧૦૦ |
| રાયડો | ૬૧૧ | ૬૬૦ |
| એરંડા | ૬૪૫ | ૬૬૫ |
| બાજરી | ૨૫૦ | ૨૮૬ |
| ઘઉં | ૩૦૦ | ૪૩૬ |
| ગવાર | ૧૭૦૦ | ૧૭૨૦ |
| ચણા | ૬૦૦ | ૬૩૧ |
| જીરૂ | ૨૧૫૦ | ૨૫૪૧ |
| સવા | ૫૭૦ | ૬૭૨ |
| કાલણ | ૫૨૨ | ૫૭૦ |

### કલોલ

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૫ | ૩૬૫ |
| એરંડા | ૬૫૫ | ૬૭૦ |
| બાજરી | ૨૬૦ | ૨૯૫ |
| રાયડો | ૬૧૦ | ૬૧૪ |
| ડાંગર | ૨૯૦ | ૩૭૦ |
| ગવાર | ૧૮૦૨ | ૧૮૧૦ |
| જુવાર | ૩૩૦ | ૩૭૦ |

### બાયડ

| | | |
|---|---|---|
| એરંડા | ૬૩૦ | ૬૬૦ |
| ઘઉં | ૨૯૦ | ૩૮૦ |
| બાજરી | ૨૬૦ | ૨૮૫ |
| મકાઈ | ૨૫૦ | ૨૯૦ |
| ગવાર | ૧૬૫૦ | ૧૭૦૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૩૦૦ |

### પાટણ

| | | |
|---|---|---|
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૯૦ |
| વરીયાળી | ૮૦૦ | ૧૩૬૦ |
| બંટી | ૩૭૫ | ૪૦૩ |
| રાયડો | ૫૫૦ | ૭૦૦ |
| એરંડા | ૬૪૦ | ૬૬૮ |
| ઘઉં | ૨૯૨ | ૪૭૬ |
| બાજરી | ૩૦૦ | ૩૧૬ |
| ગવાર | ૧૬૫૦ | ૧૮૦૦ |
| કપાસ | ૮૨૫ | ૯૭૦ |
| મેથી | ૫૨૦ | ૫૬૦ |
| સવા | ૬૨૫ | ૭૫૨ |

### ઉંઝા

| | | |
|---|---|---|
| અસાળીયો | ૭૧૫ | - |
| જીરૂ | ૨૦૦૦ | ૨૭૧૧ |
| વરીયાળી | ૬૧૦ | ૨૨૯૦ |
| ઈસબગુલ | ૧૧૯૧ | ૧૬૦૦ |
| સરસવ | ૬૧૭ | ૬૭૫ |
| રાયડો | ૫૩૦ | ૭૦૦ |
| તલ | ૧૭૭૫ | ૨૨૧૧ |
| સવા | ૬૩૬ | |